# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યાછો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# GUJARAT RAIN

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન દેવભૂમિદ્વારકાના ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઇંચથી વધુ વરસાદ વરસ્યો. સમગ્ર જિલ્લામાં માત્ર ૨૪ કલાકમાં ૧૨ ઈંચથી વધુ તેમ જ જામનગર જિલ્લામાં ૧૧ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ ૧૦૫ ટકાથી વધુ  વરસાદ નોંધાયાના અહેવાલ છે.

જામનગર તાલુકામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જામનગરના જામજોધપુર અને લાલપુર તાલુકામાં પણ ૧૩ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જામનગરના કાલાવડ અને પોરબંદરના રાણાવાવ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, દ્વારકાના ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકા તાલુકા ઉપરાંત રાજકોટના કોટડા સાંગાણી તાલુકામાં તથા પોરબંદર તાલુકામાં ૧૦-૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે, રાજકોટ તાલુકામાં ૯ ઇંચથી વધુ વરસાદ થયો છે.

જામનગરના ધ્રોલ તેમ જ રાજકોટના ધોરાજી અને જામકંડોરણા તાલુકામાં ૭ ઈંચથી વધુ જ્યારે, રાજકોટના ગોંડલ, પોરબંદરના કુતિયાણા અને જામનગરના જોડીયા તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત મોરબીના વાંકાનેર અને ટંકારા તાલુકામાં, જુનાગઢના વિસાવદર, વંથલી, માણાવદર, મેંદરડા અને કેશોદ તાલુકા ઉપરાંત રાજકોટના ઉપલેટા તાલુકામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ તાલુકામાં ૪ ઈંચથી વધુ, ૮ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૨૭ તાલુકામાં ૨ ઈંચથી વધુ તેમ જ ૯૫ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના ૮૦ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ ૧૦૫ ટકા વરસાદ નોંધાયો છે. કચ્છમાં ૧૨૫ ટકાથી વધુ, સૌરાષ્ટ્રમાં ૧૧૬ ટકાથી વધુ, દક્ષિણ ગુજરાતમાં ૧૦૯ ટકાથી વધુ, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૦૨ ટકાથી વધુ,

જ્યારે ઉત્તર ગુજરાતમાં હજી સુધી ૮૪ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

## DISTRICT RAIN - 1

રાજ્યના હવામાન વિભાગે આજે કચ્છ, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ સહિત 23 જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આ સિવાય બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને છોટાઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપી છે.

રાજ્યના વડોદરા, પાદરા અને ખેડા ડેપોનું તમામ સંચાલન બંધ છે. આ સાથે રાજ્યના કુલ 14 હજાર 512 રૂટ પૈકી 1 હજાર 180 રૂટ તેમ જ 40 હજાર 515 ટ્રીપ પૈકી 4 હજાર 531 ટ્રીપ બંધ રાખવામાં આવી છે. વરસાદી પાણી ઓસરતા જ તમામ માર્ગ વાહનવ્યવહારને પૂર્વવત્ કરાશે. ભારે વરસાદના કારણે સુરતથી ઉપડતી સોમનાથ, પોરબંદર, જુનાગઢ, ગોદરા, દ્વારકા, ઝાલોદ, દાહોદ રૂટની 70થી વધુ બસ રદ કરવામાં આવી છે. તેના કારણે એક હજારથી વધુ મુસાફરો અટવાયા છે.

વરસાદના કારણે ભાવનગર રેલવે ડિવિઝનની દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ રદ કરવામાં આવી છે. જ્યારે ગઈકાલની વેરાવળ-બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ અમદાવાદ ખાતે શૉર્ટ ટર્મિનેટ કરાઈ છે. તો ભાવનગર–આસનસૉલ સુપરફાસ્ટને અમદાવાદ–પાલનપુર – સવાઈ

માધોપુર થઈને ડાયવર્ટ કરવામાં આવી છે તેમ પશ્ચિમ રેલવે ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક માશૂક અહમદે જણાવ્યું હતું.

શ્રી અહમદે ઉંમેર્યું, આજની વેરાવળ-બાન્દ્રા એક્સપ્રેસ વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય 11 કલાક 50 મિનીટની જગ્યાએ 04 વાગ્યાને 55 મિનીટના વિલંબ સાથે સંભવિત પુનઃનિર્ધારિત સમય 16 વાગ્યાને 45 મિનીટે ઉપડશે.

## DISTRICT RAIN – 2

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે ટેલિફોન પર વાત કરીને રાજ્યમાં વરસાદની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.**

આ તરફ તાપી જિલ્લામાં આજે વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ સહિતના તાલુકામાં વરસાદ વરસ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીમાં ખારાગોઢા ગામે ઉપરવાસના કારણે રોડ ઉપર પાણી આવી જતાં પાટડી થી ખારાગોઢા જવાનો રોડ બંધ કરાયો છે. નાયકા ડેમમાંથી આઉટફ્લો ક્રમશઃ 33 હજાર ક્યુસેકથી ઘટીને ૧૭ હજાર ક્યુસેક થયો છે. તો રાજ જસંવત સાગર (ફલ્કુ) ડેમ ભારે વરસાદના કારણે ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. જ્યારે સાયલા તાલુકાનો નિભની ડેમ ૭૦ ટકા ભરાઈ ગયો છે. નીચાણવાસમાં આવતાં ગામોના લોકોને નદીના પટ વિસ્તારથી દૂર રહેવાની સૂચના અપાઈ છે.

તો બીજી તરફ અમદાવાદમાં સાબરમતી નદીમાં થઇ રહેલી 20 હજાર ક્યુસેક પાણીની આવકના પગલે વાસણા બેરેજના 16 દરવાજા ખોલવામાં આવ્યા છે.

---------

# RISHIKESH PATEL

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અને સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા વડોદરા જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં બંને મંત્રીઓએ વરસાદના કારણે નુકસાનની સ્થિતિ, રાહત અને બચાવ કામગીરીનો તાગ મેળવ્યો. વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લ, જિલ્લા કલેક્ટર, મહાનગરપાલિકાના કમિશનર સહિત જિલ્લા વહીવટીતંત્ર સાથે સમીક્ષા બેઠક યોજી હતી. વધુમાં તેમણે અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

----------

## VADODARA VOICECAST

વડોદરાના આજવા સરોવરમાંથી પાણી છોડવાનું બંધ કરાયું છે. જોકે, હજી પણ શહેરના વડસર, કલાલી, મુજમહુડા, સયાજીગંજમાં પાણી ભરાયેલા છે. શહેર-જિલ્લાની સ્થિતિ અંગે વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવેએ વધુ માહિતી આપી હતી.